# શાળાના બાળકો માટે રસીકરણની માહિતી

પીલ પબ્લિક હેલ્થ પાસે કાયદેસર – તમારા શાળાએ જવાની ઉંમર ધરાવતા બાળકના રસીકરણની આજ દિન પર્યંતની નોંધનો અહેવાલ બાળકના શાળાના સઘળા વરસો દરમિયાન હોવો જરૂરી છે[1].

**તમારા બાળકને જ્યારે શાળામા દાખલ કરો ત્યારે**

- શાળાના રજીસ્ટ્રેશન ફોર્મની સાથે તમારા બાળકના રસીકરણની નોંધના અહેવાલની એક કોપી જોડો. શાળા આ નોંધનો અહેવાલ પીલ પબ્લિક હેલ્થને મોકલશે.
- આ કોપીમાં તમારા બાળકને જન્મ સમયથી અપાયેલ **બધા જ** રસીકરણના ડોઝનો સમાવેશ થયેલ હોય એની ખાતરી કરી લો.
- જો તમારા બાળકને રસી ન અપાઇ હોય અથવા તો તમારા બાળકને રસી અપાઇ હોય એ તમે સાબિત ન કરી શકતા હો તો તમારા ફેમિલી ડોક્ટરને મળો અથવા પીલ પબ્લિક હેલ્થમા ફોન કરો.

**સમયસર રસીકરણ કરાવો**

- ચારથી છ વર્ષની ઉંમર વચ્ચે તમારા બાળકને ડિપ્થેરિયા, પરચ્યુસિસ, ટેટેનસ અને પોલિયો માટેનો એક બુસ્ટર ડોઝ આપવાની જરૂર હોય છે[2].
- ચૌદથી સોળ વર્ષની ઉંમર વચ્ચે તમારા બાળકને ડિપ્થેરિયા, પરચ્યુસિસ અને ટેટેનસ માટેનો એક બુસ્ટર ડોઝ આપવાની જરૂર હોય છે[2].
- રસીકરણ બરાબર કામ કરે એ માટે યોગ્ય સમયે આપવા જરૂરી છે. ઉદાહરણ તરીકે, એમએમઆર (મિઝલ્સ–ઓરી, મમ્પ્સ– ગાલપચોળા અન રૂબેલા) નો પહેલો ડોઝ બાળકના પહેલા જન્મદિવસ **પછી** અને બીજો ડોઝ પહેલા દિવસ પછી ઓછામાં ઓછા ૨૮ દિવસ પછી આપવો જરૂરી છે[2].

- પીલ પબ્લિક હેલ્થ નિયમિતપણે વિદ્યાર્થીના રસીકરણની નોંધના અહેવાલની ફેર તપાસ કરીને એ ખાતરી રાખે છે કે, શાળામાં હાજરી આપવા માટે જે તે દિવસ સુધી વિદ્યાર્થીઓના રસીકરણની નોંધનો અહેવાલ યોગ્ય હોય.
- જે તે દિવસ સુધીની જે વિદ્યાર્થીઓના રસીકરણની નોંધનો અહેવાલ યોગ્ય ન હોય (અને તેમની પાસે યોગ્ય છૂટ ન હોય) તેમને કદાચ શાળામાં હાજર ન પણ રહેવા દેવામા આવે.
- જે બાળકને ઓન્ટારિયો અથવા કેનેડાની બહાર રસી આપવામા આવી હોય, તેને ઓન્ટારિયો રાજ્યના રસીકરણના કાયદા મુજબ કદાચ વધારાની રસી પણ આપવી પડે.
- ઓન્ટારિયોમાં શાળામાં હાજરી આપવા માટે જરૂરી રસીકરણ તમારા ફેમિલી ડોક્ટર દ્વારા **મફત** મળે છે.
- બાળકના બીજા દેશમાં કરાયેલ રસીકરણની નોંધના અહેવાલનુ ભાષાંતર પીલ પબ્લિક હેલ્થ **મફતમાં** કરશે.
- શાળાએ જવાની ઉંમર ધરાવતા જે બાળકની પાસે ઓન્ટારિયો હેલ્થ કાર્ડ ન હોય, પણ એને શાળામાં હાજરી આપવા માટે રસીકરણની નોંધના અહેવાલની જરૂર હોય, એને પીલ પબ્લિક હેલ્થના ત્રણ સ્થળોએ **મફતમાં** રસીકરણ થઇ શકે છે.
- હિપેટાઇટિસ બી અને મેનિંગોકોકલ સી (૭ મા ધોરણના વિદ્યાર્થીઓ માટે) અને હ્યુમન પેપિલોમા વાયરસ (૮ મા ધોરણના વિદ્યાર્થીઓ માટે) માટેના પીલ પબ્લિક હેલ્થના રસીકરણ કેન્દ્રો શાળામા જ હોય છે.

1. ઇમ્યુનાઇઝેશન ઓફ સ્કૂલ પ્યુપિલ્સ એક્ટ, સપ્ટેમ્બર ૧૯૯૦, ક્વિન્સ પ્રિન્ટર ફોર ઓન્ટારિયો.
2. કેનેડિયન ઇમ્યુનાઇઝેશન ગાઇડ. સાતમી આવૃત્તિ, ૨૦૦૬. પબ્લિક હેલ્થ એજન્સી ઓફ કેનેડા દ્વારા પ્રકાશિત : ૯૩/૯૫ અને ૧૯૬/૨૦૦

**તમારા બાળકના રસીકરણની આજ દિન પર્યંતની નોંધનો અહેવાલ રાખો**

- તમારા બાળકના રસીકરણની માહિતી તમારા ડોક્ટર કે તમારા બાળકની શાળા  પીલ પબ્લિક હેલ્થને નહી પહોંચાડે.

- એક વાર તમારા બાળકને શાળામાં દાખલ કરો, ત્યાર પછી દર વખતે જ્યારે પણ બાળકને રસી આપવામા આવે ત્યારે **તમારે તમારા બાળકના રસીકરણની આજ દિન પર્યંતની નોંધનો અહેવાલ પીલ પબ્લિક હેલ્થને પહોંચાડવો જરૂરી છે.**

- પીલ પબ્લિક હેલ્થને ૯૦૫-૭૯૯-૭૭૦૦ પર **ફોન કરો.** કેલેડનના રહેવાસીઓ ૯૦૫-૫૮૪-૨૨૧૬ પર મફતમાં ફોન કરી શકે છે. **ભાષાંતરની સેવાઓ ઉપલબ્ધ છે.**

- **www.immunizepeel.ca પર ઓનલાઇન મુલાકાત લઇને** તમારા બાળકના રસીકરણની નોંધનો અહેવાલ આપો.

- **ટપાલ દ્વારા અથવા હાથોહાથ નીચેના સરનામે નોંધના અહેવાલની એક કોપી પહોંચાડો:**
  7120 Hurontario Street, P.O. Box 630
  Mississauga, ON L5M 2C5
  (નોંધનો મૂળ અહેવાલ ન મોકલશો)

Region of Peel
Working for you
Public Health